Vol. 5, Sp. Issue: 4, April: 2017 (IJRSML) ISSN: 2321 - 2853

# મહર્ષિ વાલ્મિકીય રામાયણના અરણ્યકાંડનું મહાકાવ્યના મહાકાવ્યના લક્ષણોના આધારે મૂલ્યાંકન

હેતલબેન સોની

## 1. પ્રસ્તાવના

રામાયણ એ મહર્ષિ વાલ્મીકિ દ્વારા લખેલ સંસ્કૃતનું અનુપમ મહકાવ્ય છે.રામાયણમાં સાત અધ્યાય છે જે સાત કાંડના નામથી ઓળખવામાં આવે છે.બાલકાંડ,અયોધ્યાકાંડ,અરણ્યકાંડ,કીશકીન્ધાકાંડ,સુંદરકાંડ યુદ્ધકાંડઅને ઉત્તરકાંડ અહી આપણે અરણ્યકાંડનું મહાકાવ્યના લક્ષણોના આધારે મૂલ્યાંકન કરીશું.

## 2. અરણ્યકાંડનું કથાનક

રામ લક્ષ્મણ અને સીતાને દંડકારણ્યમાં પ્રવેશ અને તપસ્વીઓના આશ્રમ મંડળનું દર્શન કરવું,તાપસાશ્રમના ઋષિઓને આતિથ્ય ગ્રહણ કરીને આગળ વધવું વનમાં વિરાધ રાક્ષસ સાથે યુદ્ધ,રામ દ્વારા વિરાધનો વધ,રામ અને સરભંગ ઋષિનો સમાગમ થવો,વનવાસી મુનિઓની રામચંદ્રને રાક્ષસોના ત્રાસથી મુક્તિ અપાવવા પ્રાર્થના,રામ અને સુતીક્ષ્ણ ઋષિનો સમાગમ અને તેમના આશ્રમમાંથી વિદાય,વનમાર્ગમાં સીતા અને રામચંદ્ર વચ્ચે વાર્તાલાપ,સીતા પ્રત્યે દયાભાવ વ્યક્ત કરવો,દંડકારણ્યમાં રામ-લક્ષ્મણ અને ભરતનો નિવાસ કરવો અને અગત્સ્ય મુનિના પ્રભાવ વિશે જાણવું,અગત્સ્ય મુનિનો સમાગમ થવો અને અસ્ત્રલાભ થવો.રામ-લક્ષ્મણ અને સીતાનું અગત્સ્ય આશ્રમથી વિદાય નિવાસ યોગ્ય સ્થળ પંચવટી તરફ પ્રયાણ કરવું.રામચંદ્રનું જટાયુ પક્ષી સાથે મિલન અને જટાયુની ઉત્પત્તિ વિશે જાણવું. રામ-લક્ષ્મણ અને સીતાનો પંચવટી આશ્રમે પહોંચી ત્યાં નિવાસ કરવો, હેમંતઋતુનું વર્ણન, રામચંદ્રનું શૂર્પણખા સાથે વાર્તાલાપ,લક્ષ્મણ દ્વારા શૂર્પણખાના કર્ણ-નાસિકાનું છેદન, બહેનની દુર્દશા,જોઈને ખરનો ક્રોધ અને અને શૂર્પણખાને યોગ્ય ન્યાય મળશે તેવું આશ્વાસન આપવું.શૂર્પણખા સાથે આવેલા ચૌદ રાક્ષસોનો રામ-લક્ષ્મણ દ્વારા વધ થવો,શૂર્પણખા દ્વારા ખરને શૂર ચડાવવું,યુદ્ધ માટે ખરની તૈયારી,ખરને થયેલ અપશુકન,પંચવટીમાં આવેલા ક્રૂર રાક્ષસોને જોઈને રામે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો અને સીતાના રક્ષણ કરવા માટેની ગોઠવણ કરી.દંડકારણ્યમાં ખર અને વિવિધ રાક્ષસ સાથે રામ લક્ષ્મણનું મહાભયંકર યુદ્ધ,દૂષણ વધ ત્રિશિરાવધ આ ઉપરાંત ખર રાક્ષસ સાથે મહાભયંકર યુદ્ધ,રામ લક્ષ્મણ દ્વારા ખર દૂષણનો વધ, દંડકારણ્યના યુદ્ધની રાવણને જાણ થવી શૂર્પણખા દ્વારા રાવણને કઠોર વચનો કહેવા અને રાજનીતિ વિષયક બોધ આપવો રાવણ અને શૂર્પણખા વચ્ચે વાર્તાલાપ અને શૂર્પણખાની દુર્દશા જોઈને રાવણ દ્વારા પૂછવું અને રાવણનું રામ સાથે યુદ્ધ કરવા તૈયાર થવું,રાવણનું મારીચ પાસે જવું અને પ્રાર્થના કરવી સીતાહરણ માટે રાવણે મારિચ પાસે માગેલી સહાય, મારિચનનો રાવણને હિતોપદેશ,મારિચ દ્વારા રામચંદ્રના વીર્ય પ્રભાવનું વર્ણન,રાવણ દ્વાર હઠ અને મારિચની ધમકી, મારિચ દ્વારા રાવણને પુનઃ ઉપદેશ રાવણની વિનાશ કાળે વિપરીત બુદ્ધિ,સીતાહરણનો નિશ્ચય રાવણ તથા મારિચનું રામાશ્રમ પ્રતિ ગમન, મારિચનું માયામૃગ બનવું સીતાની રામ પાસે સુવર્ણમૃગ લાવી આપવાની અભિલાષા વ્યક્ત કરવી,રામ દ્વારા માયામૃગ મારિચનો વધ સીતાની લક્ષ્મણને રામની સહાય કરવા માટે મોકલવાની હઠ,રામ આશ્રમમાં તાપસ વેષધારી રાવણનું આગમન,રાવણ દ્વારા સીતાનું હરણ,સીતાનો વિલાપ,સીતાને છોડાવવા માટે જટાયુનો વધ,જટાયુ રાવણનો ઘોર સંગ્રામ,સીતાને લઈને રાવણનું આકાશમાં ઉડવું,સીતા સહિત રાવણનો લંકામાં પ્રવેશ,કામાતુર રાવણની સીતાને વિનવણી, સીતાનો પતિપ્રેમ,રાવણનો તિરસ્કાર અને અશોકવનમાં નિવાસ,ઇન્દ્ર દ્વારા સીતાને હવિષ્ અન્ન આપવું, મૃગને હણીને રામનું પાછા વળવું,રામને અપશુકન પરથી થતો સંતાપ,શોકાકુલ રામચન્દ્ર, રામચન્દ્રનો સીતાવિરહ રામચન્દ્રની વિષાદવસ્થા,સીતાની શોધ માટે રામ લક્ષ્મણનું પ્રયાણ,સીતાવિરહમાં રામચન્દ્રનું રુદન,લક્ષ્મણ દ્વારા રામચન્દ્રને સાંત્વના આપતા વચનો કહેવા,જટાયુના દર્શન,જટાયુનું મરણ,રામ અને લક્ષ્મણે કરેલી ઉત્તરક્રિયા,વનમાર્ગે સીતા શોધ માટે લક્ષ્મણનું પ્રયાણ,કબંધ સાથે મિલન,રામ લક્ષ્મણ દ્વારા કબંધની બંને ભુજાઓનું છેદન,કબંધનો અગ્નિસંસ્કાર તેને દિવ્યદેહની પ્રાપ્તિ મેળવી, દિવ્યદેહધારી પુરુષ દ્વારા રામચન્દ્રને સીતાની ભાળનો ઉપાય બતાવવો કબંધની ભલામણથી ઋષ્યમૂક પર્વત પર જવાનો માર્ગ રામ લક્ષ્મણને મળવો. રામ લક્ષ્મણને શબરીની ભેટ થવી,શબરીનું બ્રહ્મલોકમાં જવું અને રામ લક્ષ્મણનું પંપા સરોવર પર જવું વગેરે વર્ણન અરણ્યકાંડમાં આવે છે.

## 3.અરણ્યકાંડનું મૂલ્યાંકન

### *3.1 સર્ગ*

અરણ્યકાંડમાં ૭૫ સર્ગ છે

### *3.2 પાત્રો*

અરણ્યકાંડમાં રામ,લક્ષ્મણ,વિરાધ રાક્ષસ,સરભંગઋષિ,સુતીક્ષ્ણ,શૂર્પણખા,ખર,રાવણ,
દૂષણ, મારીચ,કબંધ રાક્ષસ,વગેરે પાત્રોનો સમાવેશ થાય છે.

### *3.3 નાયક*

વીર,પરાક્રમી,પત્ની સ્નેહી,પત્ની વિયોગથી દુખી શ્રીરામ અરણ્યકાંડમાં નાયક છે.

### *3.4 રસ*

અરણ્યકાંડમાં વીરરસ અને કરૂણરસ જોવા મળે છે.

### *3.5 છંદ*

અરણ્યકાંડમાં શ્લોકો અનુષ્ટુપછંદમાં લખાયેલા છે.

### *3.6 કથાવસ્તુ*

અરણ્યકાંડમાં કથાનક પૌરાણિક ધાર્મિક છે,રામ,લક્ષ્મણ દ્વારા વિવિધ રાક્ષસોનો વધ,જટાયુના અગ્નિ સંસ્કાર,શબરીનું બ્રહ્મલોકમાં જવું વગેરે ઘટનાઓનો સમાવેશ થાય છે.

## 4. ઉપસંહાર

અહી મહર્ષિ વાલ્મીકિ રચિત રામાયણના બાલકાંડનું મહાકાવ્યના લક્ષણોને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.જેમાં બાલકાંડમાં સમાવિષ્ટ સર્ગ.પાત્રો,વર્ણન,નાયક,છંદ,રસ,કથાવસ્તુ,
વગેરેનો સમાવેશ થાય છે .

## સંદર્ભ સૂચિ


૧. અમીન, આનંદભાઈ એન. શ્રી વાલ્મીકિ રામાયણ.સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ,ભદ્ર અમદાવાદ શબ્દકોષ.

૨. આચાર્ય,મોહિની ડી.(૨૦૦૮).શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.અમદાવાદ: અક્ષર પબ્લિકેશન્સ.

૩. દેસાઈ, હરિભાઈ.જી (૧૯૭૦)..સંશોધન અહેવાલ.રાજકોટ:સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૪. ભટ્ટાચાર્ય,એચ.એમ ૧૯૫૭).તત્વજ્ઞાનના સિધ્ધાતો.કલકત્તા: યુનિ.પ્રકાશનો.

૫. શાહ, દિપીકા બી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન.અમદાવાદ.યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ. ૫. વાલ્મીકિય રામાયણ ગીતાપ્રેસ ગોરખપુર.